ઉમેદવાર માટેની મહત્વપૂર્ણ સૂચનાઓ (GENERAL INSTRUCTIONS) :-

આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.

૧. આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં આપનો પ્રવેશ સંસ્થાની જાહેર ખબર અને તેને સંબંધિત સૂચનાઓને આધારે આપે ભરેલ અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળના સોગંદનામાના ખરાપણાને આધિન રહીને આપવામાં આવે છે, જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાએ સંસ્થા ધ્વારા આપને કોઈપણ તબક્કે ગેરલાયક ઠરાવવામાં આવશે.

૨. પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલલેટર ક્રમ હાજરીપત્રક પોતાનો ફોટો ચોંટાડી સાથે અચૂક લાવવાનો રહેશે. અને તે ફોટોની બે વધારાની નકલ પણ આપે પરીક્ષા ખાંડમાં અચૂક સાથે લાવવાની રહેશે. અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

૩. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્રની ઓરિજિનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૪. આ પરીક્ષાનાં પ્રશ્નપત્રનું ઉત્તરપત્રમાં જવાબો O.M.R. (ઓપ્ટિકલ માર્ક રીડિંગ) પદ્ધતિનું રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક આંકડામાં દર્શાવવાનો રહેશે. તથા ઉત્તરપત્રમાં જે તે પ્રશ્નના ક્રમ સામે દર્શાવેલ વૈકલ્પિક ચાર જવાબોના ખાના પૈકી યોગ્ય જવાબના ખાનામાં બ્લૂ/બ્લેક બોલ પેનથી સંપૂર્ણ (●) આ પ્રમાણે ઘૂંટીને યોગ્ય જવાબ દર્શાવવાનો રહેશે.

૫. O.M.R. પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની ઉત્તરપત્ર અને પ્રશ્નપત્ર ઉપર આપેલી સૂચનાઓ અચૂકપણે વાંચવી. પછી જ જવાબો O.M.R. ઉત્તરપત્રમાં સ્વહસ્તે બેઠક ક્રમાંક દર્શાવવાનો રહેશે. અન્યથા ક્ષતિ યુક્ત ઉત્તરપત્ર O.M.R. રદ ગગણાશે. જેની જવાબદારી ઉમેદવારની રહેશે. ઉત્તરપત્ર ઉપર અન્ય કોઈ લખાણ કે ઓળખના ચિન્હ કરવા નહીં. અન્યથા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવવામાં આવશે.

૬. નિર્ધારિત પરીક્ષા સમય કરતાં 60 મિનિટ અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે આપની બેઠક પર હાજર થવાનું રહેશે.

૭. O.M.R. પધ્ધતિથી ઉત્તરપત્રોની ચકાસણી સમયે ખોટા જવાબ છેકછાક એકઠી વધારે જવાબો આપેલ હોય તેના જવાબોના ગુણનું મૂલ્યાંકન માઇનસ પધ્ધતિથી કરવામાં આવશે. જે બાબતની નોંધ લેવી. માઇનસ પધ્ધતિની (-25) ફોર્મ્યુલા છે.

૮. આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચારતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વીજાણુ સાધનો મળી આવશે, તો ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૯. પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહીં તથા આ હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડી શકાશે નહીં. પ્રશ્નપત્ર ભાગ-૨ની મુખ્ય જુનિયર કલાર્ક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૨૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૨૦૦ ગુણની રહેશે.

૧૦. પરિક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.

૧૧. ઉત્તરપત્રમાં લખવા માટે ભૂરી અથવા કાળી બોલ પેનનો જ ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુક્ત O.M.R. ઉત્તરપત્ર રદ ગણાશે. જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

૧૨. ઉમેદવાર પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકની નીચેના ભાગનું અડધીયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (O.M.R. શીટ) પરીક્ષાખંડના નિરીક્ષકશ્રીને પરત સોંપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર ફક્ત પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પાસે રાખી શકશે.

૧૩. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" " Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પંસદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

૧૪. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો. મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

૧૫. પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું જાહેરાત ક્રમાંક મુજબ કોલેજની વેબસાઇટ પર મૂકેલું છે. તથા હવે પછી ભરતી પ્રક્રિયાની માહિતી કોલેજની વેવસાઇટ પર મૂકવામાં આવશે. જે ઉમેદવારોની જાણ સારૂં.

Principal
D. D. Thakar Arts &
K. J. Patel Commerce College
Khedbrahma-383255

D. D. THAKAR ARTS & K. J. PATEL COMMERCE COLLEGE,
KHEDBRAHMA-383255. (North Gujarat)
(ARAVALLI VIDYABHAVAN TRUST)

Website - http://acckhed.org
E-mail : acckhed1987@yahoo.com

I/C. Prin. V. C. Ninama
Mo. 9427365308


( NAAC Accredited Grade : `B+` With 2.73 Points : CPE conferred by UGC )

Ref. No. : /2025-26

Date : 08/02/2026

# બેઠક વ્યવસ્થા

## બ્લોક નં. ૦૧

## બેઠક નંબર : ૧૦૧ થી ૧૧૫

## બ્લોક નં. ૦૨

## બેઠક નંબર : ૧૧૬ થી ૧૩૦

Principal
D. D. Thakar Arts &
K. J. Patel Commerce College
Khedbrahma-383255